નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૫૪
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૩૦ /૦૯/૨૦૧૬

## // પરિપત્ર //

**વિષયઃ–** **નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ મિલ્કતોના ઉપયોગના વિલંબીત સમય માટેના દંડની નીતિ નક્કી કરવા બાબત.**

સંદર્ભઃ–
1. નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / વિતરણ / પોલીસી / ૧(૮) / ૦૭ તારીખઃ૩૧.૦૫.૨૦૦૮
2. નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / વિતરણ / પોલીસી / ૧(૧૦) / ૩૯ તારીખઃ૦૩.૧૦.૨૦૧૨
3. નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૨૪ તારીખઃ૦૯.૦૭.૨૦૧૫
4. નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / વિતરણ / ૫૬ તારીખઃ૨૯.૧૨.૨૦૧૫
5. નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / વિતરણ / પોલીસી/ ૩૬ તારીખઃ૨૮.૦૪.૨૦૧૬

નિગમના નિયામક મંડળની તા.૨૬–૦૯–૨૦૧૬ ના રોજ યોજાયેલ ૪૯૨ મી સભામાં નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ મિલ્કતોના વપરાશ અંગે થતા વિલંબીત સમય માટેના દંડની નીતિ નકકી કરવા બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ ૫/પોસ્ટ વિતરણ/૪૯૨ થી સાદર કરવામાં આવેલ.

નિગમ ધ્વારા વિવિધ વસાહતોમાં ઔદ્યોગિક, વાણિજય અને રહેણાંક મિલ્કતોની ફાળવણી કરવામાં આવે છે. જેમાં ફાળવણીદારે મિલ્કતની ફાળવણી થયા બાદ/મિલ્કતનો કબજો સંભાળ્યા બાદ મિલ્કતનો નિયત સમયમર્યાદામાં ઉપયોગ કરવાનો રહે છે અને સમયમર્યાદા પૂર્ણ થયા બાદ ફાળવણીદારે વણવપરાશી દંડની રકમ ભરપાઈ કરવાની રહે છે. પરંતુ નિગમ ધ્વારા સમયયાંતરે અમલમાં આવેલ નીતિઓમાં કેટલાક કિસ્સાઓમાં મિલ્કતના વપરાશની સમયમર્યાદા મિલ્કતની ફાળવણી તારીખથી નકકી કરવામાં આવેલ છે તો કેટલાક કિસ્સાઓમાં મિલ્કતનો ભૌતિક કબજો ફાળવણીદારે સંભાળ્યા તારીખથી ગણતરીમાં લેવામાં આવેલ છે. જેથી તમામ કેસોમાં એકસુત્રતા જળવાતી નથી તથા તર્કસંગતતા જણાતી નથી. જેથી તમામ કિસ્સાઓમાં એકસુત્રતા જળવાય અને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ ફાળવણીદારને યોગ્ય ન્યાય મળી રહે તે હેતુસર ઠરાવ ક્રમાંકઃ૧૦૯/પોસ્ટ વિતરણ/૪૯૨/૨૦૧૬ અન્વયે નીચે મુજબ પરિપત્ર જારી કરવામાં આવે છે.

1. હવે પછીના નિગમ સમક્ષ રજુ થતા તમામ જુના/નવા કિસ્સાઓમાં ફકત મિલ્કતનો કબજા સૂચિપત્ર જારી કર્યા તારીખના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે જણાવ્યા મુજબ (જે તે સમયે આપવામાં આવેલ મોરેટોરીયમ

પીરીયડ પુરો થયા બાદ) પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૩% લેખે વણવપરાશી દંડ વસુલાત કરવાની રહેશે.

| અ.નં. | વિગત | વણવપરાશી દંડ |
|---|---|---|
| ૧. | કબજા સૂચિપત્ર જારી કર્યા તારીખના ૩૦ (ત્રીસ) દિવસમાં ફાળવણીદાર ધ્વારા કબજો લેવામાં આવે ત્યારે. | જે કિસ્સાઓમાં ફાળવણીદાર ધ્વારા કબજા સૂચિપત્ર જારી કર્યા તારીખના ૩૦ (ત્રીસ) દિવસમાં જે તારીખે ફાળવણીદારે કબજો લીધેલ હોય તે તારીખથી પ્લોટના વપરાશ/ઉપયોગની સમયમર્યાદા ધ્યાનમાં લેવાની રહેશે અને તે મુજબ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે. |
| ૨. | કબજા સૂચિપત્ર જારી કર્યા તારીખના ૩૦ (ત્રીસ) દિવસ બાદ ફાળવણીદાર ધ્વારા કબજો લેવામાં આવે ત્યારે. | જે કિસ્સાઓમાં ફાળવણીદાર ધ્વારા કબજા સૂચિપત્ર જારી કર્યા તારીખના ૩૦ (ત્રીસ) દિવસમાં કબજો લીધેલ ન હોય એટલે કે ત્યારબાદ મિલ્કતનો કબજો લીધેલ હોય તેવા કિસ્સાઓમાં કબજા સૂચિપત્રની ૩૦(ત્રીસ) દિવસની સમયમર્યાદા પૂર્ણ થયા તારીખથી પ્લોટના વપરાશ/ઉપયોગની સમયમર્યાદા ધ્યાનમાં લેવાની રહેશે અને તે મુજબ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે. |
| ૩. | નિગમ ધ્વારા એક યા બીજા કારણોસર કબજો સોંપી શકાયેલ ન હોય ત્યારે. | જે કિસ્સામાં નિગમ ધ્વારા કોઈ કારણસર મિલ્કતનો કબજો સોંપી શકાયેલ ન હોય તો તેવા કિસ્સામાં વણવપરાશી દંડ કયારથી વસુલવો તે બાબતે મૂલ્યાંકન સારૂ આવા કિસ્સા નિગમની વડી કચેરીએ સાદર કરવાના રહેશે અને વડી કચેરીએથી હકીકતો તપાસી કબજો આપ્યા તારીખથી વણવપરાશી દંડ વસુલવામાં આવશે. |

૨. જે કિસ્સાઓમાં વણવપરાશી દંડ વસુલ લેવાનો નિર્ણય લેવાઈ ગયેલ હોય તેવા કિસ્સાઓ પુનઃ ખોલવાના રહેશે નહિ.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ–વિતરણ) ને પાઠવવી.

–સહી–
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.શ્રી ગ્રેડ–૧શ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ,

કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)